





ન પ્રચારની છટપટ ન ખર્ચની ખટપટ!
કરી લે ભાવતાલને ખરીદી લે એ ઝટપટ
લટપટ જીભ સૌની ખૂરશીની ખટપટમાં -
આ નફ્ફટ નેતાઓ નખરે નાચે છે નટખટ..
(સહકારી ખરીદ-વેંચાણ સંઘ)




નેતા નકલી,
ઘી-દૂધ-પોલીસ,
નાણાં નકલી..
(સાચી આઝાદી કયારે?!)

પટાવે સત્તા,
સિધ્ધાંતનાં પૂછડાં -
છે પોલંપોલ..
(નેતાઓની લીલામી)

## ચિંતન

**આર્તા દેવાન્નમસ્યન્તિ તપઃ કુર્વન્તિ રોગિણઃ ।**
**નિર્ધના દાનમિચ્છન્તિ વૃધ્ધાનારી પતિવ્રતા ॥**

દુઃખી માણસ ઇશ્વરભક્તિ અને મંદિરોમાં દેવદર્શન તરફ ઢળી જાય છે, અને રોગીઓ રોગનાં કષ્ટ સહન કરી અને ચરી પાળી પાળીને તપસ્વી જેવા થઇ જાય છે, જે નિર્ધન છે તેમને દાન આપવાની બહુ ઇચ્છા-વૃત્તિ જાગે છે, આ બધું વૃધ્ધાવસ્થામાં ચંચળ સ્ત્રીને પતિવ્રતાપણું જાગે એવું છે..

એક કહેવત છે ન મળે નારી તો સ્હેજે બાવો બ્રહ્મચારી 'દ્રાક્ષ ખાટી'ની શિયાળની વાર્તા પણ યાદ હશે.

જયારે આપણી શક્તિ-મર્યાદા બહારની પરિસ્થિતિ ઉભી થઇ જાય અને નિરાકરણ આપણી પહોંચની બહાર હોય ત્યારે નિરાશા-હતાશામાં મન પાછું વાળવાને બદલે આપણે ઘણીવાર ખોટી ખોટી બચાવ પ્રયુક્તિઓ-બહાના-શોધી કાઢીએ છીએ. જે આપણી નિષ્ફળતાને આપણી હોંશિયારીએ પહેરાવેલો બુરખો માત્ર જ છે.

નિષ્ફળતામાં ધીરજ પૂર્વક હિંમત અને બહાદુરીથી પ્રયત્નો ચાલુ રાખવા એ એક વાત છે. અને બહાના બતાવી આરોપો-બીજા પર દોષનો ટોપલો નાખવો એ અલગ વાત છે.

મન મારી બેસી રહેવાને બદલે જાગૃત થઇ પ્રયત્ન ચાલુ રાખવા એ જ જિંદગીનો સાચો દૃષ્ટિકોણ છે.

## સુવિચાર

- જે વ્યક્તિ પોતાના મોં અને જીભ પર સંયમ રાખે છે તે પોતાના આત્માને ઉદ્વેગથી બચાવી શકે છે - **બાઇબલ**
- સંયમનું પ્રથમ પગથિયું છે 'વિચારો' પર સંયમ - **ગાંધીજી**
- મનુષ્યની સચ્ચાઇનું એક માત્ર પ્રમાણ એ છે કે એ પોતાના સિધ્ધાંત માટે પોતાનું સર્વસ્વ હોમી દેવા તત્પર રહે છે - **લોવેલ**
- જેમ પિત્તળના વાસણને દરરોજ સ્વચ્છ રાખવાથી ચળકાટ ગુમાવતાં નથી અને કાટ લાગતો નથી તેમ નિયમિત સાધનાથી હૃદય પવિત્ર અને શુધ્ધ રહે છે - **તોતાપુરી**
- નૌકા પાણીમાં રહે પણ નૌકામાં પાણી ન રહેવું જોઇએ, સાધક સંસારમાં રહે પણ સંસારના મોહમાયા એને ન સ્પર્શવા જોઇએ - **રામકૃષ્ણ પરમહંસ**
- સાવચેત વ્યક્તિ બહુધા ઓછી ભૂલો કરે છે - **કન્ફ્યુશિયસ**

## બોધ કથા

ગરીબી-અમીરી, સુખી-દુઃખી, શાંતિ-અશાતિ માણસના મન અને સ્વભાવ પર આધારિત છે. તમે કોઇ પણ પરિસ્થિતિને તમારી દૃષ્ટિના કયા-કેવા કોણથી મૂલવો છો તેના પર નિર્ભર છે. કોઇ પણ પરિસ્થિતિમાંથી દુઃખ શોધી કાઢવું કે સુખ, શોક શોધવો કે આનંદ, રૂદન શોધો કે હાસ્ય એ તમારા હાથની જ વાત છે.

એકહાર્ટ, પ્રખ્યાત ચિંતક એક બગીચામાં લટાર મારતા હતા. ત્યાં સૂટ-બૂટ સોનાનાં બટન-ચેન વીંટીઓથી સજ્જ એક વેપારી ચિંતાતુર, શોકમગ્ન અને રડસમ બેઠો હતો.

એકહાર્ટે તેની ચિંતાનું કારણ પૂછ્યું. વેપારી કહે મને આજે મોટી ખોટ ગઇ છે. મારી અર્ધી મિલ્કત વેંચી નાખવી પડશે!

એકહાર્ટ મનમાં બોલ્યો. અર્ધી બચી ગઇ એનો આનંદ કેમ નથી માણતા!

પછી બગીચાના દરવાજે હાર્મોનિયમ વગાડી ભજન ગાતા ચીંથરેહાલ ભજનિકને કહ્યું કેમ આજે ખૂશ દેખાવ છો?

ભજનિક કહે આજે મને ખાસ ભિક્ષા તો નથી મળી પણ આજે રાગમાં ખૂબ નિખાર આવ્યો અને ભજનગાવાનો ખૂબ જ આનંદ આવ્યો.. તેથી મજા આવી ગઇ..

# આપણે 'મોક્ષ'ની રમણીય કલ્પના કરતા વૃધ્ધોને એકલા એકલા ઇશ્વર સાથે સંવાદ કરતા જોઇએ છીએ ત્યારે આપણને આપણી સંસ્કૃતિનું ખરૂં હાર્દ સમજાય છે

## હું રસ્તે રઝળતી વારતા

**- અયના કમલેશ**

આપણે સૌ જાણીએ છીએ કે આદમ અને ઇવના સાંનિધ્યથી આ સૃષ્ટિથી સર્જન થયું છે. એટલે કે માણસના કંપની માણસને ગમતી હોય છે. ક્યારેક ઘણાં કિસ્સામાં એવું બને છે કે માણસને એવી કંપની ઘરમાંથી ન મળતી હોય તો એ પ્રાણીઓ પાળે છે. જેની કંપનીથી પોતાની એકલતા દૂર કરે. પણ જમાના સાથે અત્યારે બધું જ બદલાયું છે.

એટલા માટે કે અત્યારે જમાનો બદલાયો કે બદલીતા જમાના સાથે વ્યક્તિનો વ્યવહાર સાથે વિચારો બદલાય છે. માણસ માણસનો દુશ્મન છે. અત્યારે માણસ પોતાના સ્વાર્થ ખાતર બધુ જ કરે છે. કોઇનું ખૂન કરતા પણ આપણને કોઇ ખચકાટ થતો નથી. આ પરિસ્થિતિમાંથી લગભગ અત્યારે મોટા ભાગના માણસો પસાર થાય છે.

આ બધી પરિસ્થિતિની સૌથી મોટી અસર થાય છે. બાળકો અને વૃધ્ધોને અત્યારે જેમ દરેક ગામમાં કે શહેરમાં સ્કૂલો જે રીતે વધી રહી છે. તેવી રીતે વૃધ્ધાશ્રમ બની રહ્યાં છે અને હોસ્ટેલો પણ એટલી વધી રહી છે. અત્યારે માણસ પોતાની જવાબદારીમાંથી છટકવા લાગે છે. કોઇની જવાબદારી પોતાના માથા પર લેવા તૈયાર નથી. ઘરમાં પણ તે પોતાના સિવાય અન્યનો વિચાર ન કરે સંયુક્ત પરિવાર હોય તો પોતાના બાળકોને રાત્રે સારૂં ખવડાવે પણ બધાની હાજરીમાં નહીં. આમ વિચારોની સંકુચિતતા દિવસે - દિવસે વધી રહી છે.

ઘણા માણસો એકલા હોવા છતાં ઘણા માણસોની વચ્ચે જીવે છે. એ રીતે જીવી શકે તો ઘણા માણસો બધાની વચ્ચે રહેતા હોય તો પણ મનથી એકાંત અનુભવે છે. માણસને ઘરમાંથી પ્રેમ ન મળે તો તે બહાર શોધવાની કોશિશ જરૂર કરે છે. ઘણીવાર એવું બને છે કે ઘરમાં પોતાને અત્યારના ઝડપી યુગમાં કોઇને કોઇની વાત સાંભળવાનો સમય નથી. ત્યારે એકાંતમાં ઘણાના મન દુભાવતા હોય છે. તેઓ ઇચ્છે કે પોતાની પાસે બેસીને પોતાની વાતને કોઇ સાંભળે આમ પણ અત્યારના યુગમાં સાંભળવાનો ટાઇમ પણ કોની પાસે છે.

બાળકો, યુવાનો અને વૃધ્ધો માટે આ સમય કાપવો ખુબ જ મુશ્કેલ હોય છે. અથવા ઘરનાં સભ્યોની હુંફ ન મળે અથવા ઘરના સભ્યોની હૂંફ ન મળે તો તે ખરાબ રસ્તે જતા પણ ખચકાતા નથી, તો બાળકોની મનોદશા પણ આવી હોય છે. જયારે યુવાનીમાં પ્રવેશેલો યુવક-યુવતીનો પોતાના ઘણા પ્રશ્નો હોય છે. જો તેમને સાંભળનાર ના હોય તો પછી તે આપઘાત દેવા માર્ગને અપનાવીને પોતાનું જીવન ટૂંકાવતા ખચકાતા નથી.

આવી ચોટ પણ જયારે પોતાના માણસ દ્વારા આપવામાં આવે ત્યારે એના ઘા ઘણાં ઊંડા અને એની વેદના ઘણી તીવ્ર હોય છે. એને ભરવા માટે ઘણો બધો સમય લાગે છે. અને ઘણીવાર એ ઘા એવાને એવા તાણી રહેતા હોય છે. ક્યારે માણસની એકલતા એટલી બધી હોય તો તે એકાંતમાં રહીને મન હળવું કરી લે છે. તો ક્યારેક પોતાની મનગમતી પ્રવૃત્તિ કરે છે. રડવા માટે કયારે જો યોગ્ય સ્થળ ન મળે તો બાથરૂમ કે ધાબા પર રડીને મન હળવું કરી લે છે.

માણસ બધા દિવસો આરામથી પસાર કરી શકે છે. પણ એકલતાના દિવસો પસાર કરવ ઘણા બધા અસહ્ય લાગે છે. એમને જાત સાથે વાત કરવાનો મોકો મળે છે એ આત્માને ઓળખવા લાગે છે.

આપણા સમાજમાં છેલ્લા વર્ષોમાં આટલા વૃધ્ધાશ્રમ વધ્યા એનું મુખ્ય કારણ એ છે કે નવી પેઢી જૂની પેઢીના વિચારો અને એમની વચ્ચેના વિચારોમાં ઘણો તફાવત છે. ઉપરાંત સ્વતંત્રતા બધાને ગમે છે. પછી તે ગમે તે ઉંમરની વ્યક્તિ કેમ ન હોય! બાળકને એની આગવી દુનિયા હોય છે. એને પોતાની રમણીય કલ્પનાઓમાં રાચવાનું ગમે છે. શાળા પણ એને ક્યારેક જેલ જેવી લાગતી હોય છે. પ્રખ્યાત કવિ ફિલસૂફ ખલિલ જિબ્રાન કહે છે એમ બાળકો ઉપર એમના વાલીઓએ પોતાના વિચારો લાદવા એ એક પ્રકારનો અત્યાચાર જ છે. બાળકોને એમનાં પોતીકાં સ્વપ્નો હોય છે. એમને ભણાવી ગણાવી યોગ્ય સગવડો પુરી પાડવામાં આવે એ જરૂરી છે. પણ એમને પોતાની ઇચ્છાઓનાં ગુલામ ન જ બનાવવા જોઇએ. એમને પોતાની કેરિયરની પસંદગી પોતાની રીતે કરવાની છૂટ હોવી જોઇએ. એ જ રીતે યુવાનોની પોતાની કારકિર્દી તેમજ જીવન વિશેની પુરી સ્વતંત્રતા હોવી જોઇએ.

કુદરતે સ્ત્રી અને પુરૂષને એકમેકનાં પૂરક બનાવ્યાં છે. બે જીવ ભેગા થઇ એમની આગવી દુનિયા ઉભી કરે છે. એ દુનિયાનું સવર્ધન કરતાં કરતાં એ વૃધ્ધ થઇ જાય છે. ત્યારે સ્વાભાવિક રીતે જ એમને એવી અપેક્ષા રહેતી હોય છે કે બાળકો મોટાં થઇ પોતાની જરૂરિયાતોનો ખ્યાલ રાખશે. પરંતુ યુવાન થઇ ગયેલાં બાળકો એમની પોતાની જિંદગી જીવવામાં મશગુલ રહે છે. ત્યારે માતા-પિતા તરફથી પોતાની ફરજ ઘણી વાર ભૂલી જતાં હોય છે. માતા-પિતા માટે એમને લાગણી જરૂર રહે છે. પરંતુ એમને આધુનિક યુગની હરિફાઇવાળી જીવન પધ્ધતિ સ્વીકારવાની ફરજ પડતી હોઇ વૃધ્ધ મા-બાપ માટે પૂરતો વખત ફાળવી શકતા નથી. આથી બેઉ પક્ષે ભારે તણાવ સર્જાય છે. કયારેક વૃધ્ધ માતા-પિતાને એમનાં સંતાનો 'વહેંચી' લેતા હોય છે.

જાણીતી ફિલ્મ 'બાગબાન' માં આવી રીતે વહેંચી લેવાયેલાં પ્રૌઢ માતાપિતાની વ્યથા વણી લેવામાં આવી છે. માતા-પિતાને આમ છેલ્લી વયે જુદાં પાડવાં એ બહુ જ મોટું પાપ છે, પરંતુ એમના યુવાન સંતાનો પોતાના અંગત સ્વાર્થ પોષવા માટે આવુ પાપ આચરવા પણ તૈયાર થઇ જતાં હોય છે.

એકલો જન્મેલો માણસ એકલો જ મરતો હોય છે. અને આ સૃષ્ટિ પર આવ્યા પછી કોઇનાં પ્રેમાળ સહચાર અને સહવાસની જરૂર પડે છે. એકલા રહેવાનું આકરૂં લાગે છે, જયારે કોઇ સ્નેહથી છલોછલ સાથીના સથવારે જિંદગીની લાંબી વાટ કયારે પુરી થઇ જાય છે. એનો પણ ખ્યાલ આવતો નથી સૌથી દુઃખિયારો જીવ એ છે કે જે ભર્યા સમુદ્રમાં રહ્યાં છતાં તરસે મરે છે. પતિ-પત્નિ વચ્ચે મનમેળ ન હોય, છતાં મન મારીને બેઉ એકમેકને નભાવતાં રહે, વૃધ્ધાવસ્થામાં એકલાં પડી ગયેલા અશક્ત માતાપિતાને દીકરો ઘરમાં પેસવા ન દે, એવી અનેક ઘટનાઓ આપણે આપણી નજર સામે બનતી નિહાળીએ છીએ.

ભારતીય સંસ્કૃતિ અને પ્રાશ્ચાત્ય સંસ્કૃતિમાં ફરક હોય તો એટલો જ કે આપણે ત્યાં હજી પણ કુટુંબ વ્યવસ્થા પડી ભાંગી નથી. વ્યક્તિ કરતાં પરિવારનું મહત્ત્વ વધારે છે.

શારીરિક રીતે નબળી વ્યક્તિ કે વૃધ્ધ અપંગ, બિમાર સ્વજનને એનું સ્વમાન ન જોખમાય એ રીતે નિભાવવાની પ્રણાલિકા છે. પશ્ચિમના દેશોમાં શરૂથી જ વ્યક્તિ સ્વતંત્ર્ય પર ભાર મૂકવામાં આવતો હોઇ પારિવારિક ભાવના પાંગરતી નથી. બાળકોને એમની રીતે વિકસવાની છૂટ મળે તે સારી વાત છે, પરંતુ તેઓ માતા પિતા તરફથી પોતાની ફરજથી વિમુખ થઇ ફક્ત પોતાના અંગત સુખો પાછળ જ દોટ મુકે, એ યોગ્ય ન ગણાય. વિકાસ અને પ્રગતિની સાથે સાથે પશ્ચિમની જીવનશૈલીની અસર છેલ્લા પચાસેક વરસથી આપણા દેશમાં પણ ફેલાઇ છે. આથી આપણા વૃધ્ધો માટે એકલતાની મોટી બિહામણી સમસ્યા સર્જાઇ છે. હજી આપણે ત્યાં એકલાં પડી ગયેલા વૃધ્ધો મોટી ઉંમરે નવી જિંદગી શરૂ કરતાં અચકાય છે એ ધર્મ અને ઇશ્વર તરફ વળી, પોતાનું બાકીનું જીવન ભજન ભાવમાં ગાળવામાં શ્રેય સમજે છે. આપણે 'મોક્ષ'ની રમણીય કલ્પના કરતા વૃધ્ધોને એકલા એકલા ઇશ્વર સાથે સંવાદ કરતા જોઇએ છીએ ત્યારે આપણને આપણી સંસ્કૃતિનું ખરૂં હાર્દ સમજાય છે... (સમાપ્ત)

# એક ઈતિહાસકાર સંશોધક અને સર્જકની ષષ્ઠિપૂર્તિ પ્રસંગે વ્યક્તિત્વ અને વાઙ્મયનું ભાવપૂર્ણ આલેખન પ્રસ્તુત કરતો ગ્રંથ

**ગુજરાતના એક જાણીતા ઇતિહાસકાર - સાહિત્યકાર મહેબૂબભાઇ દેસાઇની ષષ્ઠિપૂર્તિ વેળાએ તૈયાર થયેલો આ ગ્રંથ તેમના વ્યક્તિત્વ અને કૃતિત્વના આઇના સમાન છે**




## શબ્દ સમીપે

**જ્ઞાનના ખળખળ વહેતાં ઝરણાંને કિનારે ઉગેલાં રંગીન પુષ્પોનો સુગંધસભર ઉદ્યાન**

**- નટવર હેડાઉ**

ઇતિહાસના અધ્યાપકોમાં મહેબૂબ દેસાઇ એક એવું નામ છે કે તેઓ પોતાના સંશોધન - લેખનના બળે લોકપ્રિય બન્યા છે. તે જ રીતે સામાન્ય, પત્રકારત્વ, સમાજશાસ્ત્રના સંશોધકો સાથે પણ તેમની ગાઢ નિસ્બતછે. વિવિધ વિદ્યાશાખાના લેખકો દ્વારા એક ખુબ જ મહત્ત્વપૂર્ણ ગ્રંથ તૈયાર થયો છે. જેમાં ઇતિહાસ વિષયના મકરન્દ મહેતા જેવા મોટા ગજાના ઇતિહાસકારથી લઇ અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓએ મહેબુબભાઇના જીવનને વિવિધ દૃષ્ટિકોણથી પ્રમાણ્યું છે. કોઇએ સર્જક મહેબૂબભાઇ, તો કોઇએ તેમની ભાષા શૈલી - માનવતાવાદ - ઇસ્લામી ચિંતક, જેવા પાસાંઓને સ્પર્શી તેમના જીવન અને કાર્યને ભીંતર - બહારથી પ્રગટાવ્યું છે. પરિણામે એક ઇતિહાસકાર - સાહિત્યકારના જીવન અને કાર્યને પ્રમાણતો આધારભૂત ગ્રંથ આપણને ઉપલબ્ધ થયો છે. 'ગુજરાતના જાણીતા સંશોધક અને સર્જક પ્રો. મહેબુબ દેસાઇ વ્યક્તિત્વ અને વાઙ્મય' ગ્રંથ એમ. જે. પરમાર, ડો. લક્ષ્મણ વાઢેર અને ડો. અરૂણ વાઘેલા દ્વારા ખુબ જ જહેમત અને કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવ્યો છે. ઉપરોક્ત સંપાદકોએ તેમાં તેમના જીવન અને કાર્યને લગતી માહિતી અને ફોટોગ્રાફનું ખુબ સરસ સંકલન કર્યું છે. ૨૨૪ પાનાનાં દળદાર ગ્રંથમાં પ્રથમ ચાર પ્રકરણોમાં ધંધુકાના સુન્ની મુસ્લિમ પ્રો. મહેબૂબ દેસાઇનો પરિચય અને અંતરંગ તેમજ રાધેશ્યામ શર્માએ લીધેલ મુલાકાત આપવામાં આવી છે. તે પછી મહેબૂબ દેસાઇ દ્વારા જીવનનાં સંસ્મરણો અંકુર સિંચ્યાનું સંભારણું રૂપે ૧૫ જે તેમના જીવનનું એક એવું પાસું છે. જેનાથી અંતરંગ વ્યક્તિઓ સિવાયના લોકો અજાણ હોય છે. જેમાં 'મા, પિતાજી, પત્ની, પુત્ર અને પુત્રી, બહેન જેવાં કુટુંબીઓની મહેબૂબભાઇ પર અસર અને તેમનાં પ્રત્યેની મહેબૂબભાઇની લાગણીસભર અભિવ્યક્તિ ઉપરાંત તપ્સસિંહજી પરમાર, ગુરૂજી, ઉસ્માનભાઇની અતૂટ મૈત્રી, વતન ધંધુકાને લેખકની સલામી, ઝમઝમના જળમાં રોટલો બનાવી જમવાની પ.પૂ. મોરારી બાપુની ભાવનાશીલ અભિવ્યક્તિ અને રમજાન માસમાં પ્રમુખ સ્વામીના દિદાર વિગેરે લેખો ખુબ જ વાંચન ક્ષમ્ય બન્યા છે. તે પછી આ ગ્રંથમાં જુદા જુદા ક્ષેત્રના મહાનુભાવો દ્વારા તેમની લાગણીની અભિવ્યક્તિ અને અંતરંગના તાણાવાણાને ગુંથીને ૧૯ જેટલા પરિચય આપણને મળે છે. જેમાં શ્રી કે.કા. શાસ્ત્રી, રાધેશ્યામ શર્મા, મેરે મહેબૂબ કરીને નવાજવા ડો. કેશુભાઇ દેસાઇ, ડો. નરેશ વેદ, ડો. ધનવંત શાહ, ડો. રમેશ ર. દવે, આ છે ખરૂં ઇન્ડિયા સાઇનિંગ : તરૂ...

(અનુસંધાન છઠ્ઠા પાને)

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૫ નવેમ્બર**



● મહિલાઓ માટે તબીબી સેવા, હોસ્પિટલ બાંધવા પોતાની સંપત્તિ દાનમાં આપનારા સ્વરાજ્ય પક્ષનાં સ્થપાક બાબુ ચિત્તરંજનદાસ 'દેશબંધું' - મહાન દેશભક્તનો જન્મ ૫.૧૧.૧૮૭૦.



● ધી સિંધીયા સ્ટીમને વિગેરેના સ્થાપક, વહાણવટામાં ભારતને ખ્યાતિ અપાવનારા શેઠ નરોત્તમ મોરારજીનું અવસાન - ૧૯૨૯.



● ૧૯૫૦ - શ્રેષ્ઠ ખ્યાલ ગાયક - સંગીતજ્ઞ ફૈયાઝખાં સફદર હુસેનખાંનું અવસાન.

● ૧૯૧૬ - પોલેન્ડનો સ્વતંત્ર્ય દિન.

● ૧૯૧૨ - વુડ્રો વિલ્સન અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા.

# મોહને સમજો, ચાલીને કંઇ ન મળે તેમ હોય તો દોડો તેમાં વાંધો નથી, દોડતી વખતે આપણી શક્તિ અને પ્રભુ પ્રત્યેની શ્રધ્ધાનું બરાબર ભાન રાખો જેથી હાંફી ન જવાય કે ઠોકર વાગવાથી ડગી ન જવાય

## સખીને પત્ર

**- સ્વાતિબા રાઓલ**

પ્રિય સખી,

હમણાં દિવાળીની ખરીદીનો માહોલ જામ્યો છે. ખરીદી પર ઈનામી કૂપનો મળી રહી છે. આવી ચાર-પાંચ કૂપનો મને પણ મળી. જીવની જેમ તેને સાચવીને તિજોરીમાં મુકી. ગાડી, રોકડ ઈનામ, હૉન્ડા, મિકસર, ફ્રિઝ, ટીવી, હૉમ થિયેટર... અહાહા... કેટલાં બધા ઈનામો. એકાદ તો ચોક્કસ મળશે એવી જીવંત અને જ્વલંત આશા તો ખરી જ! જો કે, આમાંની એક પણ વસ્તુ એવી નથી કે જેની મારા જીવનમાં અનિવાર્ય જરૂરિયાત હોય! પણ મોહ! મોહ છૂટતો નથી.

અતિ મોહ જિંદગીના લયને શોષી લે છે. કુદરતે પણ દરેક વસ્તુને એક રિધમમાં રાખી છે. દિવસ અને રાતની એક પ્રક્રિયા છે. વિચાર કરો કે એક દિવસ લંબાઈ જાય અને રાત જ ન પડે અથવા એક રાત એટલી વધીને લાંબી થઈ જાય કે દિવસ જ ન ઊગે તો શું થાય? પવનનો પણ એક લય છે. પવન વધી જાય તો વાવાઝોડું થઈ જાય. રસ્તો લંબાયે જ જાય અને મંઝિલ જ ન આવે તો મુસાફરી વેઠમાં પલટાઈ જાય છે. શરીરની પણ એક રીધમ છે. ઘડિયાળમાં જો વધુ પડતી ચાવી ભરાઈ જાય તો તેની કમાન છટકે છે. માણસ જો મોહમાયાના અતિરેકમાં પડે તો જિંદગી ભટકી જાય છે. દરેક સ્થિતિની એક બોર્ડર લાઈન હોય છે. હદ પુરી થાય એટલે અનહદ શરૂ થાય છે. એટલે જ કહેવાય છે કે 'અતિ સર્વત્ર વર્જયેત.'

સવાલ એ છે કે મોહ જ ન રહે તો જિંદગીનો મતલબ શો? માણસની બધી જ પ્રવૃત્તિના કેન્દ્રમાં કોઈને કોઈ એષ્ણા જ રહેલી છે! બધાં જ મોહ ત્યાગીને સાધુ થઈ જાય તો સંસારનું શું થાય? મહાભારતના યુધ્ધમાં જયદ્રથનો વધ કરવા માટે તત્પર અર્જૂનની મદદ કરવા માટે કૃષ્ણએ યોગબળથી સૂર્યાસ્તનો ભાસ ઊભો કર્યો હતો. આ માટે તેમણે કહ્યું કે, મે મન વચન કર્મથી બ્રહ્મચર્યનું પાલન કર્યું હોય તો આવું થજો. સોળસો રાણીઓ કરનાર, ગોપીઓ સાથે રાસ રમનાર કૃષ્ણ અને બ્રહ્મચર્ય? હાં! અને આજ અઘરૂં છે. અગ્નિ અને ઘી ભેગાં થાય છતાં ભડકો ન થાય એ ક્ષમતા છે. આપણે મોહ અને માયાને છોડવાની વાતો નથી કરવી.

વાત એ નથી કે બધું છોડી દેવું, વાત એ છે કે મોહ કેટલો રાખવો. મોહ અને માયાને મર્યાદિત રાખીને, તેનો પોઝિટિવ ઉપયોગ કરવાથી જીવન વધુ જીવવા લાયક બનશે. તમારાં બાળકો માટે માયા હશે તો તમે તેમનાં માટે સારા ભવિષ્યની વ્યવસ્થા કરશો. ભૌતિક સુખ સગવડોની નહિ. તમને પ્રતિષ્ઠાનો મોહ હશે તો તમે યશ અને નામના મળે એવાં બે-ચાર કામ કરશો. સ્વમાનનો મોહ હશે તો ખોટું કરતાં અચકાશો, જીવન પ્રત્યે માયા હશે તો આચાર-વિચાર-ખાનપાનમાં મર્યાદા જાળવી બીજા માટે કંઈક કરી છૂટશો. જીવનને આનંદમય રાખવા મજા કરવી અને કરાવવી અત્યાવશ્યક છે. પરંતુ મજા સજામાં ન પલટાય તેની કાળજી રાખવી. પચાવવાની તાકાતથી વધુ ખોરાક પેટમાં નાંખીએ તો અપચો થાય. મોહના વહેણમાં મન કાબૂમાં ન રહે તો માણસનો જાત પરનો કાબૂ પર છૂટી જાય છે. વાહનની ગતિને મર્યાદામાં રાખવા માટે સ્પીડ બ્રેકર હોય છે ત્યાં ગાડીને બ્રેક લાગડી જ જોઈએ. બ્રેક ન મારો તો શું થાય? ગાડી બેકાબુ થઈ જાય. જિંદગીનું પણ એવું જ છે કયાં બેક મારવી ન સમજાય તો જિંદગી બરબાદ થઈ જાય છે.

ડિપ્રેશન પણ. અતિમોહનું જ સંતાન છે. માણસ નાની - નાની વાતોમાં ડિપ્રેશનમાં સરી પડે છે. પોતાના ચહેરા પર પોતે જ ગૂંથેલી ઉદાસીની ચાદર ઓઢી લે છે. મરેલાની જેમ જીવતા લોકોની સંખ્યા વધતી જાય છે. તેનું સૌથી મોટું કારણ વધુ પડતો મોહ જ છે. બધું જ જોઈએ છે અને ખૂબ ઝડપથી જોઈએ છે. માણસનું ચાલે તો હાથની રેખાઓ ય બ્લેડથી ચીરીને લાંબી કરી દે. ગમે તે ભોગે અને ગમે તે કિંમતે ધાર્યું કરવું છે. એમાં કંઈ ખોટું નથી પણ ધારેલું કરી રીતે કેટલું કરવું એ શીખવાની જરૂર છે. જિંદગીના પાઠ કોઈ વિશ્વ વિદ્યાલય શીખવતું નથી. મોહની વ્યાખ્યાને ત્યાગનો મતલબ કદાચ પુસ્તકોમાંથી મળી જાય પણ પોતાના મમત્વને તો માણસે જાતે જ સમજવું પડે.

રાજા જનક વિદેહીનો એક પ્રસંગ છે. એક યોગીનું શિક્ષણ પૂરૂં થયું તેના ગુરૂએ તેને કહ્યું કે, તું હવે રાજા જનકના દરબારમાં જા...

(અનુસંધાન છઠ્ઠા પાને)